પ્રેમ પ્રાપ્તિનું સૌથી સરળ સાધન છે સેવા, સેવા કરતાં કરતાં આપોઆપ પ્રેમની પ્રાપ્તિ થાય છે
- ટાગોર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૬૧ | ૨૧ ઓગષ્ટ ૨૦૧૨, મંગળવાર, અધિક ભાદરવા સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## જિલ્લામાં ૬૦ હજાર પરિવારોને બેંકિંગ સેવાથી સાંકળી લેવાશે

### ૩૧ ઓગષ્ટ સુધી ૬૦ હજાર પરિવારોનાં ખાતા ખોલવાનું અભિયાન પૂર્ણ કરાવાના આદેશો : ગ્રામ્ય વિસ્તારમાં ૫૮ ટકા અને શહેરી વિસ્તારમાં ૬૮ ટકા લોકો બેંકિંગ સેવા સાથે સંકળાયેલા છે : ભારત સરકારનો સર્વે

ગાંધીનગર, તા. ૨૦

આગામી ૩૧ ઓગષ્ટ સુધીમાં ગાંધીનગર જિલ્લામાં ૬૦ હજાર પરિવારોને બેંકોમાં ખાતા ખોલાવવા માટે બેંકર્સ દ્વારા સમજાવવામાં આવશે અને તેમના ખાતાં ખોલવામાં આવશે.

ભારત સરકારના નાણાં વિભાગ દ્વારા જારી કરાયેલા એક પરિપત્રના અનુસંધાનમાં જિલ્લાકક્ષાએ આ અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. આ અભિયાનમાં ૩૨ જેટલી બેંકોની ૨૧૭ શાખાના કર્મચારીઓ કામે લાગ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ભારત સરકારના નાણાં મંત્રાલયના બેંકિંગ પ્રભાગના નાણાંકીય સમાવેશકના ડાયરેકટર શ્રી સંદીપકુમારે તાજેતરમાં આ અંગેનો એક પરિપત્ર જારી કર્યો છે. આ પરિપત્ર રિઝર્વ બેંક દ્વારા લીડ બેંકોને પાઠવી દેવામાં પણ આવ્યો છે અને લીડબેંકે પણ તે પત્ર સાથે રાખી આ અંગેની સૂચનાઓ જારી કરી દીધી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ભારત સરકાર દ્વારા કરાયેલા સર્વેમાં ૨૦ ટકાથી પણ વધુ લોકો હજુ બેંકીંગ સુવિધાથી વંચિત છે. ગુજરાતને સંબંધ છે ત્યાં સુધી ગુજરાતમાં ૫૭.૫૯ ટકા લોકો બેંકોમાં પોતાના ખાતા ધરાવે છે. ભારત સરકારે ૨૦૧૧માં આ સર્વે કરાવ્યો હતો.

શ્રી સંદીપકુમારની સહિથી કરાયેલા પરિપત્રમાં એવી પણ ચેતવણી ઉચ્ચારવામાં આવી છે કે બેંકોમાં ખાતુ નહિ ધરાવતુ પરિવાર લાયકાત ધરાવતુ હોવા છતાં પણ આગામી દિવસોમાં બેંક ખાતુ નહિ હોય તો લાભથી વંચિત રહી શકે છે. ભારત સરકાર હવે વ્યકતીગત સહાયની ચુકવણી પણ બેંક ખાતા મારફતે જ કરવાનો ઈરાદો ધરાવે છે તેવો સ્પષ્ટ સંકેત આ પરિપત્રમાં આપવામાં આવ્યો છે.

જિલ્લામાં બધી બેંકોને આ માટે લક્ષ્યાંકોની પણ ફાળવણી કરી દેવામાં આવી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ બેંકોએ વોર્ડવાર પણ કેટલા લોકો શહેરી વિસ્તારમાં ખાતા ધરાવતા નથી તેમના ખાતા ખોલવા અંગેનો લક્ષ્યાંક પણ નિયત કરી લીધો છે.

ભારત સરકારના સર્વેના તારણોમાં એવી પણ વિગતો બહાર આવી છે કે ગ્રામ્ય વિસ્તારમાં ૫૯ ટકા લોકો અને શહેરી વિસ્તારમાં ૬૮ ટકા લોકો બેંકિંગ સેવાઓ સાથે સંકળાયેલા છે.

ગાંધીનગર જિલ્લાને સંબંધ છે ત્યાં સુધી જિલ્લાની વસ્તી ગણતરીના જાહેર થયેલ પ્રાથમિક પરિણામો પછી ૬૦ હજાર જેટલા ખાતા નવા ખોલવાના થાય છે.

નાણાંકીય સમાવેશ પ્રબંધન અંતર્ગત ૨ હજારની વસ્તી ધરાવતા ગામોને બેંકિંગ સેવાથી સાંકળી લેવાયા છે અને ૧૫૦૦ થી ૨૦૦૦ની વસ્તી ધરાવતા જિલ્લાના ૧૦૦ ગામોને ચાલુ નાણાંકીય વર્ષના અંત પહેલાં આવરી લેવાની કામગીરી હાલ પ્રગતિમાં છે ત્યાંજ આ નવી ઝુંબેશ આવી જતાં હવે બેંકિંગ ક્ષેત્રના કર્મચારીઓના કાર્યભારણમાં વધારો થયો છે.

સ્કોલરશીપ મેળવતા વિદ્યાર્થીઓને પણ બેંકિગ સેવાઓથી સાંકળી લેવાનું અભિયાન ચાલુ છે. નરેગા અને અન્ય કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાં પણ બેંક ખાતાઓમાં જ પગાર ચુકવાતો થઈ ચુક્યો છે. જો કે હજુ ૬૦ હજાર પરિવારો આ સેવાથી વંચિત છે અને તેમને આ અંતર્ગત આવરી લેવામાં આવનાર છે.



એક માસના પાક રમઝાન માસ બાદ અને એક આખા વર્ષના ઈંતઝાર બાદ આંગણે આવેલી ઈદને મુસ્લિમ બિરાદરોએ મોહબ્બતથી વધાવી હતી. પરંપરાગત રીતે કરવામાં આવેલી ઈદની ઉજવણી માટે સવારથી જ મસ્જિદોમાં ભીડ જોવા મળી હતી. ઈદની નમાઝ બાદ સૌએ એકબીજાને ઈદના મુબારકબાદ પાઠવ્યા હતા. (તસવીર : મગન વણઝારા)

## હોમગાર્ડનું હેડક્વાર્ટર ગાંધીનગર ખસેડાશે

### ૧૦ કરોડના ખર્ચે સે. ૧૮માં સંકુલ બંધાશે : જગ્યાના અભાવે પરેડ ગ્રાઉન્ડ અમદાવાદમાં જ રહેશે

ગાંધીનગર, તા. ૨૦

અમદાવાદમાંથી હોમગાર્ડનું હેડક્વાર્ટર ગાંધીનગર ખસેડવામાં આવશે. સે. ૧૮માં લોકાયુક્તવન પાછળ અંદાજિત રૂ. ૧૦ કરોડના ખર્ચે નવીન ઈમારત બનાવાશે. આગામી વર્ષ ૨૦૧૪માં આ ઈમારતમાં કચેરીઓ ધમધમતી થશે.

હોમગાર્ડઝનું હેડક્વાર્ટર હાલ અમદાવાદ ખાતે લાલ દરવાજા વિસ્તારમાં સ્થિત છે.જ્યારે આગામી દિવસોમાં આ હેડક્વાર્ટર ગાંધીનગરમાં ખસેડવામાં આવશે. રાજ્યમાં મહત્વની કચેરીઓ ગાંધીનગરમાં કાર્યરત કરવાના સરકારના અભિગમ અન્વયે હોમગાર્ડ હેડક્વાર્ટર પણ પાટનગરમાં ખસેડવા નિર્ણય લેવાયો છે. હોમગાર્ડ હેડક્વાર્ટરને અનુલક્ષી સે. ૧૮માં લોકાયુક્ત ભવન પાછળ નવી ઈમારત બનાવાશે. આ ઈમારતના નિર્માણ પાછળ અંદાજિત રૂ. ૧૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આગામી વર્ષ ૨૦૧૪ સુધીમાં હોમગાર્ડનું નવુ હેડક્વાર્ટર તૈયાર કરી દેવાશે. જ્યારે આ નવી ઈમારતમાં નશાબંધી અને હોમગાર્ડની મહત્વની કચેરીઓ કાર્યરત થશે. જો કે અહીંયા જગ્યાનો અભાવ હોવાથી હોમગાર્ડનું પરેડ ગ્રાઉન્ડ અમદાવાદમાં લાલદરવાજા ખાતે જ રહેશે. વહીવટની દષ્ટીએ સરળતા રહે તેવા આશયથી મહત્વની કચેરીઓ ગાંધીનગરમાં ખસેડવા તબક્કાવાર નિર્ણય લેવાઈ રહ્યો છે. હોમગાર્ડના હેડક્વાર્ટરને અનુલક્ષીને પણ સઘળુ આયોજન આખરી થઈ જતા ટૂંકમાં નવીન ઈમારત બનાવવાનું કામ હાથ ધરાશે. પોલીસ હાઉસીંગ દ્વારા ટૂંકમાં આ સંદર્ભે કામગીરી શરૂ કરાશે.



વરસાદની આ મૉસમમાં ધરતી થોડીઘણી ભીની થઈ છે, પણ લોકમાતા એવી સાબરમતી નદીને હજુ પાણી નસીબ થયું નથી. લાખો લોકોની જેમ સાબરમતી નદી પણ ભરપેટ વરસાદની ને એ દ્વારા મળતા પાણીની વાટ જોઈને બેઠી છે. (તસવીર : દિપક જાની)

## સપ્ટેમ્બર મધ્ય સુધીમાં ચૂંટણી કાર્યક્રમ જાહેર થવાની સંભાવના

### ગરીબ મેળાઓ અને વિકાસ યાત્રા વહેલી શરૂ કરવાનું મુખ્ય કારણ ચૂંટણીની આચારસંહિતા

(વિશેષ પ્રતિનિધિ)

ગાંધીનગર,તા.૨૦

ગુજરાતમાં ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. કેન્દ્રીય ચૂંટણી પંચ સપ્ટેમ્બરના પ્રથમ કે દ્વિતીય સપ્તાહમાં ચૂંટણીની તારીખો જાહેર કરે તેવી સંભાવનાને પગલે ભાજપે તેના પ્રજાલક્ષી કાર્યક્રમો એક મહિના અગાઉ શરૂ કરી દીધાં છે.

રાજ્યમાં ગરીબ કલ્યાણ મેળાઓ આમ તો સપ્ટેમ્બરમાં યોજવાના થતાં હતા પરંતુ જો સપ્ટેમ્બરમાં ચૂંટણીની તારીખ જાહેર થાય તો આચાર સંહિતાના કારણે મતદારોને લલચાવી શકાય નહીં, વચનો આપી શકાય નહીં, તેથી ઓગષ્ટના મધ્યમમાં આ મેળાઓ યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે.

વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ દ્વારા કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના તંગ સબંધો તેમજ રાજ્યના વિકાસના

#### પ્રચારમાં વિકાસ અને અન્યાયના મુદ્દા છવાશે

મુદ્દાને પ્રાધાન્ય આપવામાં આવનાર છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ મંત્રીમંડળના સભ્યો અને સંસદસભ્યોને એવું કહી દીધું છે કે કેન્દ્ર તરફથી ગુજરાતને થઈ રહેલા અન્યાય બાબતે હલ્લાબોલ કરવાનું છે એ ઉપરાંત યુપીએ શાસનના ભ્રષ્ટાચાર અને વધતી જતી મોંઘવારી જેવા મુદ્દાઓને મુખ્ય મુદ્દા તરીકે પ્રજા સમક્ષ લઈ જવાના છે.

ગુજરાતને ગેસ આપવાના મુદ્દે ભાજપના રાષ્ટ્રીય નેતા અરૂણ જેટલીએ પણ કેન્દ્ર ઉપર પ્રહારો કર્યા છે. ગુજરાતની બે દિવસની મુલાકાતમાં તેમણે કહ્યું છે કે હાઈકોર્ટના આદેશ પ્રમાણે કેન્દ્રએ ગુજરાતને સસ્તા ગેસની ફાળવણી કરવી જોઈએ.

આ તબક્કે રાજ્યના પેટ્રોલિયમ મંત્રી સૌરભ પટેલે એવી જાહેરાત કરી હતી કે કોર્ટના ચૂકાદા પ્રમાણે કેન્દ્ર સરકાર ગુજરાતને ગેસ આપશે તો રાજ્ય સરકાર ૩૦ ટકા ભાવો ઘટાડવા તૈયાર છે. જો કે તેમણે પેટ્રોલિયમ પેદાશો ઉપર વેટ ઘટાડવા અંગે કોઈ નિર્દેશ આપ્યો નથી.

સરકારે વિવેકાનંદ યુવા કેન્દ્રોની પણ રાજ્યભરમાં સ્થાપના કરી દીધી છે અને હવે તેમને ફંડીંગ આપવામાં આવી રહ્યું છે. બીજી તરફ ૧૦ વર્ષના શાસનની યાત્રાઓ યોજવામાં આવી છે. ચૂંટણી પહેલાં પ્રજાલક્ષી જાહેરાતો કરવામાં સરકાર પાસે વધારે સમય નથી તેથી ઓગષ્ટ માસના અંત સુધીમાં હજી ઘણી જાહેરાતો કરી દેવામાં આવશે.

આ ચૂંટણીમાં ભાજપના નિશાના ઉપર કેન્દ્રની કોંગ્રેસ સરકાર હશે. કેન્દ્રમાં એક પછી એક બહાર આવેલા કૌભાંડો, મોંઘવારી, ગુજરાતને અન્યાય અને કોંગ્રેસના પ્રદેશ નેતાઓની નિષ્ફળતાઓ મુખ્ય રહેશે તેવું લાગી રહ્યું છે.

ભાજપના તમામ રાષ્ટ્રીય નેતાઓ ગુજરાતના વિકાસને આગળ કરી રહ્યાં છે પરંતુ વિકાસના કામો બતાવવાથી મતદારો ભાજપ ઉપર વરસી પડશે તેવું પણ નથી, તેથી કોંગ્રેસના નેતાઓ સામે આરોપ ઘડવાની તૈયારીઓ કરી છે. કેન્દ્રની યુપીએ સરકારની નિષ્ફળતાઓ, મંત્રીઓના કૌભાંડો તેમજ ગુજરાતને

● અનુસંધાન પાન-૭ પર

### વચનોની લ્હાણી કરવાના હવે માત્ર ૧૫ દિવસ, છેલ્લા દિવસોમાં રાજ્ય સરકાર વેટના દરો ઘટાડીને કોંગ્રેસના ઢંઢેરાને આંચકો આપી શકે છે

## ગુજરાત પરિવર્તન પાર્ટીના હોદ્દેદારો જાહેર કરાયા

### ૩ સિનીયર પ્રદેશ ઉપાધ્યક્ષ અને ૩ પ્રદેશ ઉપાધ્યક્ષ ૨ પ્રદેશ મહામંત્રી તથા નવ પ્રદેશ મંત્રીઓ નિમાયા

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત પરિવર્તન પાર્ટીએ આજે તેના હોદ્દેદારોની નિમણુંકો અંગેની વિધિવત જાહેરાત કરી છે. જેમાં સિનીયર પ્રદેશ ઉપાધ્યક્ષની ત્રણ તેમજ ત્રણ પ્રદેશ ઉપાધ્યક્ષ ઉપરાંત બે મહામંત્રી અને નવ પ્રદેશ મંત્રીઓની નિમણુંકોનો સમાવેશ થાય છે.

પરિવર્તન પાર્ટી દ્વારા આજે જારી કરાયેલા અખબારી યાદીમાં જણાવાયા મુજબ પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશ મહેતા તથા બે પૂર્વ કેન્દ્રીય મંત્રીઓ શ્રી કાશીરામ રાણા અને ડૉ. એ.કે. પટેલને સિનીયર ઉપાધ્યક્ષ તરીકે નિમણુંક આપવામાં આવી છે. જયારે ત્રણ ઉપાધ્યક્ષમાં પૂર્વ સાંસદ ડૉ. કે.ડી. જેસ્વાણી, શ્રી લલિત યાદવ તથા શ્રી ઠાકોરભાઈ દેસાઈનો સમાવેશ થાય છે.

પ્રદેશ મહામંત્રી તરીકે પૂર્વ ગૃહ રાજયમંત્રી શ્રી ગોરધનભાઈ ઝડફિયા તથા પૂર્વ મેયર શ્રી ફકીરભાઈ ચૌહાણની નિમણુંક કરવામાં આવી છે.

ભાજપમાંથી અલગ પડીને કેશુભાઈ પટેલે પોતાની નવી પાર્ટી ગુજરાત પરિવર્તન પાર્ટીની રચના કરી હતી. આજે મોડી રાત્રે કેશુભાઈએ પોતાના પક્ષના પ્રદેશ હોદ્દેદારોની નિમણુંકોની જાહેરાત કરી હતી. પ્રદેશ અધ્યક્ષ તરીકે કેશુભાઈ પટેલ અને ઉપાધ્યક્ષ તરીકે સુરેશ મહેતાની નિમણુંક કરવામાં આવી છે.

કેશુભાઈ પટેલે ગુજરાત પરિવર્તન પાર્ટીના પ્રદેશ મંત્રી તરીકે નવ સભ્યોની નિમણુંક કરી છે. જેમાં સિધ્ધાર્થ પરમાર પૂર્વ ધારાસભ્ય, અરવિંદભાઈ પટેલ પૂર્વ મંત્રી, વિક્રમભાઈ ચૌહાણ, ધીરૂભાઈ ભીમાણી, લલીતભાઈ સુણગીયા, દુદાભાઈ આહિર, સેમાભાઈ પટેલ, શ્રીમતી ગીતાબેન પટોળીયા, પ્રદેશ મંત્રી તરીકે મુકુન્દભાઈ જોષીનો સમાવેશ થાય છે.

પ્રદેશ કાર્યાલય મંત્રી તરીકે સુરેશભાઈ પટેલ અને કાર્યાલય વ્યવસ્થાપક તરીકે શ્રીનાથભાઈ ઉપાધ્યાયની નિમણુંક કરવામાં આવી છે.


**LCD TV રીપેરીંગ**

આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

**સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ**

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬


## ગુજરાતમાં અંતે ડેક્કન ચાર્ટર્સની સેવા શરૂ થઇ

અમદાવાદ, તા.૨૦

ડેક્કન ચાર્ટર્સ લી.ની વિશેષ કંપની ડેક્કન શટલ્સે આજે ગુજરાતમાં આર્થિક ગતિવિધિના મહત્વના કેન્દ્રો અમદાવાદ,સુરત,જામનગર,ભાવનગર અને કંડલાને જોડતી ચાર્ટર ફલાઈટ શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ સેવાનો પ્રારંભ ચાલુમાસથી જ કરવામાં આવશે. જ્યારે રાજકોટની સેવાનો પણ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. આ વિમાની સેવાનો હેતુ વેપાર-ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોને રાજ્યના આ મહત્વના ઔદ્યોગિક કેન્દ્રોની સમયસર કનેકિટવિટી પૂરી પાડવાનો છે. જે તેમના પ્રવાસનો સમય ઘટાડી તેમના વેપાર-ધંધાને વેગ આપવાની સાથે સાથે જ તેમની કાર્યક્ષમતામાં પણ વધારો કરશે. ડેક્કન શટલ્સ આ સેવા ૯ સીટર સેસના ગ્રાન્ડ કારવા એરક્રાફ્ટ નામના વિશ્વભરમાં પેસેન્જર સેવામાં વપરાંતા એરક્રાફ્ટ દ્વારા પૂરી પાડશે. આ સેવાનો પ્રારંભ આજથી જ થશે અને પ્રારંભિક ધોરણે તે અમદાવાદ - સુરત - ભાવનગર રૂટ પર સેવાઓ પૂરી પાડશે. અમદાવાદ - કંડલા રૂટ ૨૭ ઓગસ્ટ, ૨૦૧૨થી કાર્યરત કરાશે. જયારે ત્યારબાદ અમદાવાદ-જામનગર રૂટનો પણ પ્રારંભ કરાશે.


